


A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION


# NRG TIMES

CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. નવેમ્બર ૩૦, ૨૦૨૧ • કારતક વદ ૧૧, સંવત ૨૦૭૮


Gujarat State Non-Resident Gujaratis' Foundation (A Government of Gujarat Organization)



**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State for NRGs (Independent Charge), Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi(I/C), IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



**Shri Vikramsinh Jadav**
Director
GSNRGF

## વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૨ સંદર્ભે નવી દિલ્હી ખાતે મુખ્યમંત્રીશ્રી દ્વારા વિવિધ કાર્યક્રમો




રાજ્ય સરકાર દ્વારા આગામી ૧૦થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૨ દરમ્યાન વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું આયોજન કરવામાં આવનાર છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૨ના પ્રથમ રોડ શોના પ્રારંભે નવી દિલ્હીમાં રોડ શો અને અગ્રણી ઉદ્યોગ સંચાલકો સાથે વન-ટુ-વન બેઠક કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ ઉદ્યોગોને જરૂરી મદદ - સહયોગ કરવાની ખાતરી આપી હતી. બેઠકમાં ઉદ્યોગકારોએ આગામી વાયબ્રન્ટમાં જોડાવા અને રોકાણ માટે તત્પરતા દર્શાવી હતી. ત્યારબાદ મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની શુભેચ્છા મુલાકાત લઈ આ સમિટની તૈયારીઓ અંગે પ્રધાનમંત્રીને માહિતગાર કર્યા હતા. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અંતર્ગત નવી દિલ્હીમાં ડિપ્લોમેટ્સ મીટ પણ યોજાઈ હતી. મુખ્યમંત્રીશ્રીએ નવી દિલ્હી ખાતે દુનિયાના ૮૦ જેટલા દેશોના રાજદ્વારીઓ સમક્ષ ગુજરાતની દેશ અને દુનિયાના 'મોસ્ટ પ્રિફર્ડ ઈન્વેસ્ટમેન્ટ હબ' તરીકે પ્રભાવક રજૂઆત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ સામાજિક-આર્થિક વિકાસના વિવિધ ક્ષેત્રોમાં ગુજરાતે મેળવેલી સિદ્ધિઓની પ્રસ્તુતિ આ અગ્રણી ઉદ્યોગ સંચાલકો સમક્ષ કર્ટેઇન રેઇઝર કાર્યક્રમમાં કરી હતી. (Source : https://cmogujarat.gov.in)

## સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૧માં ગુજરાતના શહેરો અગ્રસ્થાને

સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૧માં સુરત સતત બીજા વર્ષે દેશનું બીજા નંબરનું સૌથી સ્વચ્છ શહેર બન્યું છે. યાદીમાં ટોચના ૨૦ સૌથી સ્વચ્છ શહેરોમાં સુરત ઉપરાંત ગુજરાતના વડોદરા (૮મા ક્રમે), અમદાવાદ (૧૦મા ક્રમે) અને રાજકોટ (૧૧મા ક્રમે)નો સમાવેશ થાય છે. સૌથી સ્વચ્છ જિલ્લાની કેટેગરીમાં સુરત પ્રથમ ક્રમે આવ્યું છે. ૪૦ લાખથી વધુ વસતી ધરાવતા શહેરોની શ્રેણીમાં અમદાવાદને પ્રથમ સ્થાન મળ્યું છે. જ્યારે વિવિધ રાજ્યોના પાટનગરની શ્રેણીમાં ગાંધીનગરને પ્રથમ સ્થાન મળ્યું છે. સમગ્ર દેશમાં સ્વચ્છતા સર્વેક્ષણમાં ગુજરાત ચોથા ક્રમાંકે રહ્યું છે. દેશવ્યાપી સ્વચ્છતા સરવેમાં ૨૮ દિવસમાં કુલ ૪૩૨૦ શહેરોને આવરી લેવામાં આવ્યા હતા. સરવેમાં કુલ ૪.૨ કરોડ લોકોએ પોતાના અભિપ્રાય આપ્યા હતા. (સંદર્ભ: દિવ્યભાસ્કર, ૨૧.૧૧.૨૦૨૧)

## વાઇબ્રન્ટ સમિટ પહેલાં રૂ. ૨૪૧૮૫.૨૨ કરોડના MoU પર હસ્તાક્ષર થયા




વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની દીર્ઘદૃષ્ટિ અને પ્રયાસોથી શરૂ થયેલી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ઉત્તરોત્તર નવા રેકોર્ડ સ્થાપી સ્થાપી રહી છે. વાયબ્રન્ટ સમિટને કારણે ગુજરાત વૈશ્વિક બિઝનેસ હબ બનવા તરફ આગળ વધી રહ્યું છે. આગામી જાન્યુઆરી ૨૦૨૨માં યોજાનારી આ સમિટ આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતની પ્રગતિ અને સફળતાની ગાથાને વધુ ગતિથી આગળ વધારશે. આ વાયબ્રન્ટ સમિટની ૧૦મી શ્રૃંખલાના પ્રારંભ પૂર્વે ગુજરાત સરકારે રૂ. ૨૪૧૮૫.૨૨ કરોડના સૂચિત મૂડીરોકાણ માટે વીસ જેટલા MoU (મેમોરેન્ડમ ઑફ અંડરસ્ટેન્ડિંગ) પર હસ્તાક્ષર કર્યા હતા. (Source : https://cmogujarat.gov.in)


Contact Address

**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF



FOR PRIVATE CIRCULATION ONLY


વહાલા બિન નિવાસી ગુજરાતી મિત્રો,
NRG Times માટે આપનો પ્રતિભાવ તેમજ કોઇ સુચન હોય તો મોકલી આપવા વિનંતી છે. જેથી આપના માટે પ્રકાશિત થતાં આ મેગેઝીનને વધુ ઉપયોગી બનાવી શકાય.

## વર્લ્ડ વેગન વિઝન દ્વારા સ્વયંસેવકો-દાતાઓનું સન્માન



તંદુરસ્ત અને કુદરતી જીવનશૈલી માટે પ્રયાસરત અને સૌથી જૂની સંસ્થાઓમાંની એક વર્લ્ડ વેગન વિઝન દ્વારા સંસ્થાના સક્રિય સભ્યો અને દાતાઓના સન્માન માટે વેગન થેન્ક્સગિવિંગ કાર્યક્રમ ૨૧ નવેમ્બર ૨૦૨૧ના રોજ ન્યુયોર્કના ભારતીય વિદ્યાભવન ખાતે યોજાયો હતો. કાર્યક્રમમાં સહાયરૂપ સભ્યો અને કોવિડ વખતે સેવા આપનારા સ્વયંસેવકોનું એવોર્ડ આપીને સન્માન કરાયું હતું. ફાઉન્ડર એચ. કે. શાહ, ટ્રસ્ટી કેન્ની દેસાઇ અને પીઆર સંભાળતા નીતિન વ્યાસને પ્રશસ્તિપત્ર એનાયત થયા હતા.

(Source : https://gujarattimesusa.com)

## ન્યૂજર્સી-પેન્સિલવેનિયા ખાતે વડીલ-વંદના કાર્યક્રમ યોજાયો



અમેરિકાના ન્યૂજર્સીમાં આવેલા પેન્સિલવેનિયામાં ૧૭મી નવેમ્બર ૨૦૨૧ના રોજ ફેડરેશન ઓફ ઇન્ડો-અમેરિકન સિનિયર્સ અસોસીએશન ઓફ નોર્થ અમેરિકા (ફીસાના)ના ઉપક્રમે રોયલ આલ્બર્ટ હોલમાં ૨૦મો વાર્ષિક દીપાવલિ મહોત્સવ 'વડીલ-વંદના' ઉજવાઇ ગયો. ૨૦૦૧માં સ્થપાયેલ ન્યૂજર્સી-પેન્સિલવેનિયાના વડીલોના ૧૮ મંડળોનું સંગઠન 'ફીસાના' વડીલોના હિતમાં કાર્યરત અને સ્વાસ્થ્ય, મેડિકેર, સંબંધ-સાચવણી, આધ્યાત્મિકતા, કોમ્પ્યુટર-સ્માર્ટફોન વગેરે વિશે વડીલોમાં જાગરુકતા લાવવાનું કાર્ય કરે છે. ડેપ્યુટી કોન્સ્યુલર જનરલ ઓફ ઈન્ડિયા ડૉ. વરુણની ઉપસ્થિતિમાં એવોર્ડ વિતરણ, પ્રવચનો, મનોરંજન અને ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.

(Source : www.akilanews.com)

## કોરોનામાં નોંધપાત્ર કામગીરી કરનારા ડૉ. તપન પરીખને USમાં બહુમાન મળ્યું



કોરોના દરમિયાન અમેરિકામાં કરેલી અવિરત કામગીરી બદલ ઇન્ડિયન અમેરિકન એસોસિયેશન દ્વારા વડોદરાના ડૉ. તપન પરીખને યંગ ફિઝિશિયન ઓફ ધ યરનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. મૂળે વડોદરાના અને હાલમાં અમેરિકાના શિકાગો શહેરમાં કાર્યરત ડૉ. તપન પરીખે કોરોના દરમિયાન હોસ્પિટલમાં સતત કામગીરી કરી હતી. અમેરિકાના ઇન્ડિયન અમેરિકન એસોસિયેશનની ૪૧મા વર્ષની ઉજવણી શિકાગોમાં યોજાઇ હતી. એસોસિયેશન દ્વારા કોરોના કાળમાં નોંધપાત્ર પ્રદાન આપનારા તબીબોની સેવાને બિરદાવતા એવોર્ડ્સ અપાયા હતા.

(Source : www.divyabhaskar.co.in)

## ટ્રાઇ સ્ટેટ ગુજરાતી ફિઝિશિયન્સ એસો. દ્વારા દિવાળીની ઉજવણી



ટ્રાઇ સ્ટેટ ગુજરાતી ફિઝિશિયન્સ એસોસિએશને ૧૬ નવેમ્બરે ન્યૂજર્સીના રોયલ આલ્બર્ટ પેલેસ ખાતે સભ્યોની હાજરીમાં દિવાળી ઉજવી હતી. ન્યૂજર્સી, ન્યુયોર્ક અને પેન્સિલવેનિયા એ ત્રણેય રાજ્યોમાં સેવા આપનારા ગુજરાતી તબીબોને એક મંચ હેઠળ લાવવા માટે, વિચારોના આદાનપ્રદાન તેમજ ભારતમાં તબીબી સેવાકીય પ્રવૃત્તિઓમાં સહયોગ માટે આ સંસ્થાની સ્થાપના થઈ હતી. આ કાર્યક્રમમાં ૩૫૦થી વધુ ગુજરાતી તબીબો એકઠા થયા હતા. આ પ્રસંગે ડૉ. જયેશ પટેલ, ડૉ. ભાયાણી, ડૉ. તુષાર પટેલ અને ડૉ. હેમંત પટેલનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

(Source : https://gujarattimesusa.com)

## અમેરિકામાં લોકગાયક કીર્તિદાન ગઢવીને વર્લ્ડ અમેઝિંગ ટેલેન્ટનો એવોર્ડ એનાયત



ગુજરાતના જાણીતા લોકગાયક કીર્તિદાન ગઢવીએ ગુજરાતની ગરીબ દીકરીઓ માટે અમેરિકામાં 'લાડકી પ્રોજેક્ટ' લોન્ચ કર્યો છે જેમાં એક મહિનામાં બે કરોડ રૂપિયા એકત્ર કર્યા છે. તેમના આ ઉત્કૃષ્ટ કાર્ય બદલ તેમને વર્લ્ડ અમેઝિંગ ટેલેન્ટનો એવોર્ડ એનાયત થયો છે. આ સાથે તેમને U S વર્લ્ડ ટેલેન્ટ ઓર્ગેનાઈઝેશનના બ્રાન્ડ એમ્બેસેડર બનાવવામાં આવ્યા છે. કિર્તીદાન ગઢવી દ્વારા વિદેશની ધરતી પર ૩૩થી વધુ પ્રોગ્રામ રજૂ કરવામાં આવ્યા છે. તેઓ અનેક યોજનો થકી આવનારા દિવસોમાં વિશ્વભરની દીકરીઓને પગભર કરવાનું આયોજન કરી રહ્યા છે.

(Source : www.divyabhaskar.co.in)

## FIAના વર્ષ ૨૦૨૨ના પ્રેસિડેન્ટ તરીકે કેની દેસાઇની વરણી



ફેડરેશન ઓફ ઇન્ડિયન એસોસિએશન (FIA-NYNJCT)ના ટ્રસ્ટીઓની મળેલી બેઠકમાં સમાજના અગ્રણી અને દાનવીર કેની દેસાઇની ૨૦૨૨ના વર્ષના પ્રેસિડેન્ટ તરીકે પસંદગી જાહેર કરવામાં આવી હતી. શ્રી કેની દેસાઇએ વડોદરામાંથી સિવિલ એન્જીનિયરીંગ કર્યા બાદ હોબોકનમાં સ્ટિવન્સ ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજીમાંથી માસ્ટર્સની ડિગ્રી મેળવી હતી. તેઓ ૩૦ વર્ષનો કન્સ્ટ્રક્શન અને રિયલ એસ્ટેટનો અનુભવ ધરાવે છે. તેમને એલિસ આઇલેન્ડ મેડલ પણ મળ્યું છે. તેઓ ભારતીય વિદ્યાભવનના વાઇસ ચેરમેન છે અને વર્લ્ડ વેગન વિઝનના પ્રેસિડેન્ટ રહી ચૂક્યા છે.

(Source : https://gujarattimesusa.com)

# ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન, ગાંધીનગર અને પણજી ગુજરાતી યુવક મંડળના સંયુકત ઉપક્રમે પણજી, ગોવા ખાતે સદાકાળ ગુજરાત કાર્યક્રમની ઉજવણી



અન્ય રાજ્યોમાં વસતા બિન નિવાસી ગુજરાતીઓ સાથે જીવંત સંપર્ક જાળવવા, તેઓની નવી પેઢીને પોતાના મૂળ સાથે જોડવાના આશયથી, જે તે શહેરમાં કે જ્યાં બિન નિવાસી ગુજરાતીઓની સંખ્યા વધારે હોય ત્યાં પોતાના વતનનો અહેસાસ કરાવવાનાં હેતુથી "સદાકાળ ગુજરાત" કાર્યક્રમ યોજવામાં આવે છે.

તા.૨૧/૧૧/૨૦૨૧ દરમ્યાન પણજી, ગોવા ખાતે આ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમ અંતર્ગત તા.૨૧/૧૧/૨૦૨૧ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે ગોવા રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી પ્રમોદ સાવંત, ગુજરાત રાજ્યના ગૃહ અને બિન નિવાસી ગુજરાતી પ્રભાગના માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી હર્ષ સંઘવી, ગુજરાત રાજ્ય એન.આર.આઇ.ના સચિવશ્રી ધનંજય દ્વિવેદી, ગોવા રાજ્યના એન.આર.આઇ. કમિશ્નરશ્રી નરેન્દ્ર સવાઈકર, પણજી નગર નિગમના મેયર શ્રી રોહિત મોન્સેરેટ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી સદાનંદ તનાવડે અને ઉત્તર ગોવામાં આવેલ પણજી ગુજરાતી યુવક મંડળના અધ્યક્ષા શ્રીમતી કાજલબેન શાહ તેમજ દક્ષિણ ગોવામાં આવેલ મડગાવ ગુજરાતી સમાજના અધ્યક્ષશ્રી બાલમભાઇ સંગલાણી અને ગોવામાં આવેલ જુદા જુદા સમાજોના આગેવાનો સહ આશરે ૩૦૦ જેટલા બિન-નિવાસી ગુજરાતીઓ આ એક દિવસીય કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત રાજ્યના એન.આર.આઇ. પ્રભાગના સચિવશ્રી ધનંજય દ્વિવેદી દ્વારા સૌ ગુજરાતીઓને ગુજરાત આવવા આમંત્રણ આપીને સૌનું શાબ્દીક સ્વાગત કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. કાર્યક્રમ દરમ્યાન ગોવા રાજ્યમાં સારી કામગીરી કરનાર ૬ બિન-નિવાસી ગુજરાતીઓનું ગોવા રાજ્યના માન.મુખ્યમંત્રીશ્રી અને ગુજરાત રાજ્યના ગૃહ

અનુસંધાન ચોથા પાને



## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા , કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.

આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ ઓનલાઈન મેળવો



બિન - નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.

ત્રીજા પાનાનું અનુસંધાન



અને બિન નિવાસી ગુજરાતીઓના પ્રભાગના માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બિન નિવાસીઓને આજના ગુજરાતી ઝાંખી દર્શાવતી અને તેઓ માટે કાર્યરત યોજનાઓની માહિતી આપતી એક ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવેલ હતી. ગુજરાત રાજ્યના માન. રાજ્ય કક્ષામંત્રીશ્રી, બિન નિવાસી ગુજરાતી પ્રભાગ અને ગૃહ શ્રી હર્ષ સંઘવીએ પોતાના વક્તવ્યમાં ગુજરાત સરકાર દ્વારા ગુજરાતમાં થયેલ વિકાસની ઝલક બતાવીને ગુજરાત સરકાર દ્વારા બિન-નિવાસી ગુજરાતીઓ માટે હાથ ધરાતી પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરી અન્ય રાજ્યો કે દેશોમાં વસતા બિન-નિવાસી ગુજરાતીઓની ચિંતા ગુજરાત સરકારનો બિન-નિવાસી ગુજરાતી પ્રભાગ કરે છે, તેની માહિતી આપી ગોવામાં વસતા ગુજરાતીઓને પોતાના વતન આવવા આમંત્રણ આપવામાં આવેલ.

ગોવા રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રીએ પ્રાસંગિક પ્રવચનમાં દેશના માન. પ્રધાનમંત્રીશ્રીની કાર્યશૈલી માર્ગદર્શક છે તેમ જણાવ્યું હતું. ગુજરાત રાજ્યના માન. રાજ્ય કક્ષામંત્રીશ્રી દ્વારા કરવામાં આવતી કામગીરી અંગે પ્રશંસા કરેલ. ગોવા રાજ્યની અગત્યની સિદ્ધિઓ અને પ્રવાસનની પ્રવૃત્તિઓના ઉલ્લેખ સાથે ગુજરાત રાજ્ય અને ગોવા રાજ્ય વચ્ચે એકબીજા સાથે કલા, સંસ્કૃતિ, રીત-રિવાજ, વિકાસની બાબતમાં ગોવામાં રહેતા ગુજરાતીઓ થકી વધુ નજીક આવશે તેમ જણાવેલ.

ઉદઘાટન સમારંભ બાદ ગુજરાત રાજ્યનાં સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરતો સાંસ્કૃતિક કાર્યક્રમ ગોવામાં વસતા ગુજરાતી ભાઇ-બહેનો દ્વારા રજુ કરવામાં આવ્યો હતો.


સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ પણજી ગુજરાતી યુવક મંડળના અધ્યક્ષા શ્રીમતી કાજલબેન શાહએ આ કાર્યક્રમ તેઓના સમાજ થકી યોજવાની તક આપવા અને આ કાર્યક્રમ થકી સમગ્ર ગોવામાં વસતા ગુજરાતીઓને એક છત નીચે લાવવા બદલ આભાર વ્યકત કરેલ.

સદર કાર્યક્રમના બીજા સેશનમાં ગુજરાતમાં થયેલ સામાજીક અને આર્થિક વિકાસ બાબતે ગુજરાતના અમરેલી, કચ્છ અને અમદાવાદના ત્રણ અગ્રણી પ્રતિનિધિઓ સાથે ગોવામાં વસતા ગુજરાતીઓ સાથે જુથ ચર્ચાનું પણ આયોજન કરવામાં આવેલ. આ જુથ ચર્ચાનું સંચાલન ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાનના નિયામકશ્રી વિક્રમસિંહ જાદવ દ્વારા કરવામાં આવેલ. જેમાં સૌએ ઉમળકાભેર ભાગ લીધેલ.

આ કાર્યક્રમના અંતે સૌ ગુજરાતીની યાદોને, પોતાના વતનની માટી સુવાસને મનમાં ભરીને આ કાર્યક્રમના આયોજન બદલ ગુજરાત સરકારનો આભાર માની આવા કાર્યક્રમો ભવિષ્યમાં પણ યોજતા રહેશે તેવી અભિલાષા સાથે સૌ છુટા પડેલ.



# ‘બાળકોની મૂછાળી મા’ ગિજુભાઈ બધેકા



‘બાળકોની મુછાળી મા’નું બિરુદ પામેલા, ગુજરાતના સુપ્રસિદ્ધ બાલકેળવણીકાર અને બાલસાહિત્યકાર ગિજુભાઈ બધેકાનો જન્મ ૧૫ નવેમ્બર ૧૮૮૫ના રોજ અમરેલી જિલ્લાના ચિત્તળ ખાતે થયો. તેમનું આખું નામ ગિરજાશંકર ભગવાનજી બધેકા. વતન વળામાં શાળાનો અભ્યાસ પૂરો કરી, વધુ અભ્યાસ અર્થે તેઓ ભાવનગર આવ્યા. ભાવનગરમાં ૧૯૦૫માં મૅટ્રિકની પરીક્ષા પાસ કરી, શામળદાસ કૉલેજમાં દાખલ થયા. કુટુંબની નબળી આર્થિક સ્થિતિને કારણે અભ્યાસ અધૂરો મૂકી મુંબઈની વેપારી પેઢીમાં જોડાયા અને ધંધાર્થે ૧૯૦૭માં આફ્રિકા ગયા. ત્યાં ઘણા અનુભવો મળ્યા. અઢળક કમાણી કરવાને બદલે ૧૯૦૯માં તેઓ પાછા વતન આવ્યા. ૧૯૧૦માં તેમણે મુંબઈમાં વકીલાતનો અભ્યાસ કર્યો. ૧૯૧૧માં તેમણે વઢવાણ કૅમ્પમાં વકીલાત શરૂ કરી. ૧૯૧૩થી ૧૯૧૬ સુધી વઢવાણ-કૅમ્પમાં ડિસ્ટ્રીક્ટ હાઈકોર્ટ પ્લીડર તરીકે ફરજ બજાવી. દરમિયાન ફેબ્રુઆરી ૧૯૧૩માં તેમના ઘરે પુત્ર નરેન્દ્રનો જન્મ થયો.

આજથી ૧૦૦ વર્ષ પૂર્વે જ્યારે બ્રિટિશ શાસને પ્રજાનું હીર છીનવી લીધુ હતું ત્યારે પ્રાથમિક શિક્ષણની જ ઘોર અવગણના હતી. પ્રાથમિક શિક્ષણ ‘ધૂડી નિશાળ’ ગણાતી અને સાત વર્ષની ઉંમરના રડતા બાળકને ઘસડીને શાળામાં પ્રવેશ માટે લઈ જવાતો. પછી તો ‘સોટી વાગે ચમચમ વિદ્યા આવે રમઝમ’. ગિજુભાઈનું સંવેદનતંત્ર આ દૃશ્યથી હચમચી ઊઠતું. જ્યાં પ્રાથમિક શિક્ષણની આવી અવદશા હોય ત્યાં પૂર્વ પ્રાથમિક શિક્ષણની તો કલ્પના જ ક્યાંથી હોય?

પોતાના પુત્રને ચીલાચાલુ નિશાળોની બદીથી તેઓ મુક્ત રાખવા માંગતા હતા. મિત્ર દરબાર ગોપાળદાસે તેમને વસોના મોતીભાઈ અમીનને મળવા સૂચવ્યું. મોતીભાઈએ તેમને મારિયા મૉન્ટેસોરીનાં પુસ્તકો વાંચવા આપ્યાં. આ પુસ્તકોના વાચનથી ગિજુભાઈને બાલકેળવણીનો સાચો રસ્તો મળ્યો ને તે કાયદાના વકીલને બદલે બાળકોના વકીલ બન્યા. વિપરીત સમય-સંજોગોમાં સમય સામે બાથ ભીડીને એમણે ત્રણથી છ વર્ષના બાળકો માટે શિક્ષણનો વિચાર કરી અમલમાં મૂકવાનું નક્કી કર્યું.

ભાવનગરમાં ગિજુભાઈના મામા હરજીવન પંડ્યા તથા શામળદાસ કૉલેજના પ્રો. નૃસિંહપ્રસાદ (નાનાભાઈ) ભટ્ટ સ્થાપિત છાત્રાલયમાં મદદનીશ ગૃહપતિ તરીકે જોડાવા આમંત્રણ મળતાં ગિજુભાઈ વકીલાત છોડીને ૧૯૧૬ના નવેમ્બરની ૧૩મી તારીખે ‘દક્ષિણામૂર્તિ’માં જોડાઈ ગયા. દરમિયાન તેમનામાં સૂતેલો કેળવણીકાર જાગી ઊઠ્યો અને ત્યાં બાલકેળવણીની વિચારણાને સાકાર કરવાનું વિશાળ કાર્યક્ષેત્ર તેમને પ્રાપ્ત થયું. ગુજરાતની કેળવણીનાં દશા-દિશા બદલાયાં. ગિજુભાઈ હાડે શિક્ષક, પણ પછી બાલશિક્ષણ માટેનું સાહિત્ય તૈયાર કરતાં બાલસાહિત્યકાર થયા.

છાત્રાલય સાથે ૧૯૧૮થી કુમાર મંદિર શરૂ થયું. ગિજુભાઈ તેના આચાર્ય બન્યા. ગિજુભાઈ નવું નવું વાંચે, વિચારે ને શાળામાં પ્રયોગ કરે. તેઓ વિચારતા કે નાનાં બાળકો પર પ્રયોગો કરીએ તો ધાર્યાં પરિણામો મળે. છેવટે ૧૯૨૦ના ઑગસ્ટની પહેલી તારીખે રમાબહેન પટ્ટણીના હસ્તે બાલમંદિર ખુલ્લું મુકાયું. ત્યારપછી ૧૯૨૨માં ટેકરી પરનું બાલમંદિર કસ્તૂરબા ગાંધીના હસ્તે ખુલ્લું મુકાયું. ત્યારથી માંડીને ૧૯૩૬ સુધી ગિજુભાઈ ‘દક્ષિણામૂર્તિ’ સાથે જોડાયેલા રહ્યા.

ગિજુભાઈના ૧૯૨૦થી ૧૯૩૬ સુધીનાં સોળ વર્ષના બાલશિક્ષણ અંગેના ભગીરથ કાર્યથી પ્રભાવિત થઈ ગુજરાતની પ્રજાએ તેમનું રૂપિયા ૧૧ હજારની થેલી અર્પણ કરી સન્માન કર્યું. ગિજુભાઈએ આ રકમ બાળકોના કલ્યાણ અર્થે વાપરવા સંયોજકોને સુપરત કરી.

આજીવન સભ્યપદનની મુદત પૂરી થતાં તેઓ ‘દક્ષિણામૂર્તિ’માંથી છૂટા થયા. જૂના મિત્ર પોપટલાલ ચૂડગરના અતિ આગ્રહથી રાજકોટમાં અધ્યાપનમંદિર શરૂ કર્યું. બાલવિદ્યાપીઠની સ્થાપના, બાલજ્ઞાનકોશની રચના અને આત્મદર્શન – તેમની આ ત્રણ ઇચ્છાઓ ૧૯૩૯માં તેમનું અવસાન થતાં અધૂરી રહી.

ગિજુભાઈની દાર્શનિક વિચારધારાનાં મૂળમાં ગાંધીજીના આદર્શો રહેલા છે. સત્ય, અહિંસા, પ્રેમ, કરુણા, ઉદારતા, મનુષ્ય-મનુષ્ય વચ્ચે પારસ્પરિક સમ્માન, માનવસેવા, શ્રમનું મહત્વ, શ્રમ અને ધનમાં સમન્વય, સ્વાવલંબન વગેરે આધારભૂત છે જેથી જુગતરામભાઈ દવેએ ગિજુભાઈને ‘બાળકોના ગાંધી’ના નામથી સંબોધિત કર્યા હતાં. તેમના આનંદિત સ્વભાવને કારણે ‘વિનોદી’ ઉપનામ પણ મળ્યું હતું. તેમને શિક્ષણવિદ્ તરીકે મોન્ટેસરી શિક્ષણ પધ્ધતિના પ્રણેતા રૂપે ૧૯૨૯માં રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો.


બાળકોનો સૌથી સારો ઉછેર તેની મા કરી શકે અને આ એવી મા હતી જેને મૂછો હતી. શાળાના બાળકોને તેમનાથી દૂર જવું ગમતું નહોતું. તેથી ગિરીશભાઈ અને બીજા સાથી કર્મચારીઓએ તેમનું નામ


**તાજેતરમાં ગિજુભાઈ બધેકાની ૧૩૭મી જન્મ જયંતી ગઈ. રાજ્ય સરકારે તેમના જન્મ દિવસ ૧૫ નવેમ્બરને ‘બાળ વાર્તા દિવસ’ તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો છે.**

'મૂછાળી મા' પાડ્યું. ત્યારબાદ હુલામણું નામ એટલું લોકપ્રિય થયું કે લોકો કહેતા ગિજુભાઈ એટલે મૂછાળી મા.

ગિજુભાઈમાં ઉત્તમ પ્રકારની રાષ્ટ્રીય ભાવના ભરી પડી હતી. તેમનું જીવન ગાંધીજીના રાષ્ટ્રીય વિચારોથી પરિપ્લાવિત હતું. તેમના વિચારોમાંથી અક્ષરજ્ઞાન યોજનાઓ, બાલવાડી અને ક્રીડાંગણની યોજનાઓ આવી. વાનરસેના અને વાનરપરિષદોનો વિચાર તેમણે અસહકારના આંદોલન દરમિયાન આપેલો. તેમની વિસ્તરણસેવાની પ્રવૃત્તિઓ પંજાબ, સિંધ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, કચ્છ અને અનેક સ્થળો સુધી દૂર દૂર વિસ્તરી હતી. એક રાષ્ટ્રીય ભાવનાવાળા શિક્ષક તરીકેનું તેમનું આ પ્રદાન ખૂબ જ મૂલ્યવાન હતું.

બાલશિક્ષકો અને બાલહિતચિંતકો તૈયાર કરવાનું ગિજુભાઈએ મહત્વનું પ્રદાન કર્યું છે. તેમણે પોતાના જ્ઞાનદીપથી અનેક દીવડાઓ પ્રગટાવ્યા હતા. તારાબહેન મોડક, મોંઘીબહેન બધેકા, નર્મદાબહેન રાવળ, ચંદુભાઈ ભટ્ટ, રામનારાયણ નાગરદાસ પાઠક, નરેન્દ્ર બધેકા, વિમુબહેન બધેકા, શેષ નામલે, સોમાભાઈ ભાવસાર, વજુભાઈ દવે, મૂળજીભાઈ ભગત, ભોગીભાઈ પારેખ, સરલાદેવી સારાભાઈ, યશસ્વતીબહેન ભટ્ટ, વીરસૂત મહેતા, કાશીનાથ ત્રિવેદી, તેમાં મુખ્ય ગણાય. નૂતન બાલશિક્ષણના દ્રષ્ટા અને પ્રવર્તક તરીકે ગિજુભાઈનું પ્રદાન ચિરંજીવ છે.




ગિજુભાઈએ શ્રી દક્ષિણામૂર્તિ સંસ્થામાં ૧૯૧૬થી ૧૯૩૬ સુધી વીસ વર્ષમાં એક સદીમાં ન થઈ શકે તેવું બાળ શિક્ષણનું કાર્ય કર્યું. આ સમયગાળામાં ગિજુભાઈએ ૧૭૪ પુસ્તકો લખ્યાં જેમાં બાળકો, વાલી અને શિક્ષકો માટેના પુસ્તકોનો સમાવેશ થાય છે. મહાત્મા ગાંધી પણ શિક્ષણ ક્ષેત્રમાં ગિજુભાઈના યોગદાનથી ખૂબ જ પ્રભાવિત થયા હતા અને તેમણે નોંધ્યું હતું કે, 'એમના વિશે લખનારો હું કોણ, એમનું કામ ઊગી નીકળશે.'

ગિજુભાઈ માનતા કે વાર્તાના બે જ હેતુ હોય- આનંદ પ્રાપ્તિ અને ભાષા વિકાસ. તેમણે વાર્તાઓનું સંકલન કર્યું અને વાર્તાઓનું શાસ્ત્ર લખ્યું જેમાં તેમણે કહ્યું કે, વાર્તાનો અંત સુખાંત હોવો જોઈએ. તેમણે જાણ્યું કે વચ્ચે વચ્ચે જોડકણા હોય તો બાળકોને બહુ મઝા આવે છે. જેમકે, 'ખડબડ ખડબડ ખોદત હે, લાંબી ડોક જોવત હે, ફૂકડમૂકડ બેઠત હે, ધડબડ ધડબડ દોડત હે'. તેથી તેઓ એવી વાર્તાઓ લાવ્યા અને તેમાં જોડકણાં પણ ખાસ હોય. ગિજુભાઈ એમ કહેતા કે વાર્તાના અંતે બોધ ન કહેવો, બોધ માટે વાર્તા નથી. બાળક એની મેળે મેળવી લેશે.

ગુજરાતમાં બાળસાહિત્ય વિશેની સમજનો અને બાળશિક્ષણની વ્યવસ્થિત પદ્ધતિનો પાયો નાખનાર આ લેખકે બાળકોના રસને પોષે, એમના કુતૂહલને ઉત્તેજે, એમની કલ્પનાને જાગૃત કરે, એમના વ્યક્તિત્વ-ઘડતરનો અંશ બને એવું માહિતીપ્રદ છતાં આનંદપ્રદ સાહિત્ય કવિતા-વાર્તા-નાટક જેવા વિવિધ પ્રકારોમાં વિપુલપણે પ્રગટાવ્યું છે. જ્ઞાનકોશોને ઝાઝા ખપમાં લીધા વિના આસપાસના જીવનમાંથી મળી આવતી સામગ્રીને સરલ અને આકર્ષક સ્વરૂપમાં રજૂ કરી બાળસાહિત્યની એક નવી દિશા ઉઘાડી આપી છે. મોન્ટેસોરી સિદ્ધાંતપદ્ધતિએ ઊભી કરેલી બાલમંદિરની પ્રવૃત્તિ પણ એમનાં સર્વ બાળસાહિત્યનાં લખાણોમાં પ્રેરક રહી છે.

'મહાત્માઓનાં ચરિત્રો' (૧૯૨૩), 'કિશોરકથાઓ'- ભા. ૧, ૨ (૧૯૨૭, ૧૯૨૯), 'રખડુ ટોળી'- ભા. ૧, ૨ (૧૯૨૯, ૧૯૩૩) વગેરે છ જેટલાં એમનાં કિશોરસાહિત્યનાં પુસ્તકો જાણીતાં છે.

બાળસાહિત્ય ગ્રંથમાળામાં પ્રત્યેકમાં આઠ પુસ્તિકાઓ સહિતની અવલોકન ગ્રંથમાળા, કથાનાટ્ય ગ્રંથમાળા, ગાતી ગ્રંથમાળા, ચાલો પ્રવાસે ગ્રંથમાળા, જીવનપરિચય ગ્રંથમાળા, જ્ઞાનવર્ધક ગ્રંથમાળા, પશુપક્ષી ગ્રંથમાળા, પાઠપોથી ગ્રંથમાળા, રમ્યકથા ગ્રંથમાળા અને હાસ્યવિનોદ ગ્રંથમાળા બાલોપયોગી છે.

'બાળસાહિત્યગુચ્છ'માં 'લાલ અને હીરા', 'દાદાજીની તલવાર', 'ચતુર કરોળિયો' જેવાં પચીસ જેટલાં પુસ્તકો છે; તો 'બાળસાહિત્યવાટિકા'- મંડળ : ૧માં અઠ્ઠાવીસ પુસ્તકો અને મંડળ : ૨માં ચૌદ પુસ્તકો છે. આ ઉપરાંત 'ઈસપનાં પાત્રો- ગધેડા' (૧૯૩૪), 'ઈસપકથા' (૧૯૩૫), 'આફ્રિકાની સફર' (૧૯૪૪) જેવાં મહત્વનાં કહી શકાય એવાં બીજાં ચોવીસ જેટલાં બાળપુસ્તકો છે.

બાળશિક્ષણને લગતાં 'વાર્તાનું શાસ્ત્ર' (૧૯૨૫), 'મોન્ટેસોરી પદ્ધતિ' (૧૯૨૭), 'આ તે શી માથાફોડ ?' (૧૯૩૪), 'શિક્ષક હો તો' (૧૯૩૫) જેવાં પંદર જેટલાં પુસ્તકો અને 'બાળજીવનમાં ડોકિયું' (૧૯૨૬), 'શિક્ષણના વહેમો' (૧૯૨૬), 'તોફાની બાળક' (૧૯૨૯), 'દવાખાને જાય, ચાડિયો' (૧૯૨૯) જેવી તેવીસ જેટલી પુસ્તિકાઓ એમના નામે છે. અક્ષરજ્ઞાન યોજના અંતર્ગત 'આગળ વાંચો-ચોપડી ૧-૨-૩, 'કેમ શીખવવું' (૧૯૩૫), 'ચાલો વાંચીએ' (૧૯૩૫) જેવાં ઉપયોગી પુસ્તકો અને 'પેટલાદની વીરાંગનાઓ' (૧૯૩૧), 'સાંજની મોજો' જેવાં સાતેક પ્રકીર્ણ પુસ્તકો પણ એમણે આપ્યાં છે. 'પ્રાસંગિક મનન' (૧૯૩૨), 'શાંત પળોમાં' (૧૯૩૪) વગેરે એમનું ચિંતનસાહિત્ય છે.

ગિજુભાઈએ બાલકથા-સાહિત્યક્ષેત્રે ઠીક ઠીક ખેડાણ કર્યું છે. તેમણે વિવિધ ગ્રંથમાળાઓ નિમિત્તે અનેક કથાઓ આપી છે. 'ગિજુભાઈની બાલવાર્તાઓ' તેમની જાણીતી કથાશ્રેણી છે. તે ૧૯૨૧માં પાંચ ભાગમાં પ્રકાશિત થયેલી. આજે તેની પરિષ્કૃત આવૃત્તિ દસ ભાગમાં પ્રાપ્ય છે. ગિજુભાઈની કહેવાતી આ કથાઓ, હકીકતે તેમની મૌલિક કથાઓ નથી, પણ તેમણે સાંભળેલી-જાણેલી-ભેગી કરેલી કથાઓને બાલભોગ્ય લેખિત સ્વરૂપ તેમણે આપ્યું હોઈ તે કથાઓ સાથે તેમનું નામ જોડાઈ ગયું છે. લોકકથાઓના સહારે જ આ બાલકથાઓ દ્વારા બાલમાનસઘડતરનું અને તેમને મનોરંજન પૂરું પાડવાનું સુંદર કાર્ય તેમણે કર્યું. આ વિશાળ સાહિત્ય-સંદર્ભે જ કાકાસાહેબે તેમને 'બાલસાહિત્યના બ્રહ્મા' કહીને બિરદાવેલા.

ગિજુભાઈના મત અનુસાર ધર્મ અને નૈતિકતા માનવજીવનના આધાર છે જેથી બાળકમાં તેનો પાયો નાનપણથી જ નંખાવો જોઈએ. જેથી સૌપ્રથમ એમણે 'બાલ દેવો ભવ' વાક્ય પ્રતિપાદિત કર્યું. ગિજુભાઈના શૈક્ષણિક વિચારો ઉચ્ચકોટીના હતા. એમણે શૈક્ષણિક ચિંતનમાં બાળકને અત્યંત મહત્વપૂર્ણ સ્થાન આપી કેન્દ્રમાં બાળકોને રાખ્યાં છે.

(Sources & Photo Courtesy : https://gujarativishwakosh.org, https://charotarudai.in, www.gujaratisahityaparishad.com, https://sureshbjani.files.wordpress.com)

# ડાંગ

## દેશનો પ્રથમ પ્રાકૃતિક ખેતી જિલ્લો બન્યો

ગુજરાતનો આદિવાસી-વનવાસી ડાંગ જિલ્લો કુદરતી પ્રાકૃતિક વનરાજીથી ભરપૂર સૌંદર્ય ધરાવતો જિલ્લો છે. અહીં હજુયે પ્રાકૃતિક, સજીવ યા કુદરતી ખેતી થાય છે. તાજેતરમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં સમગ્ર ડાંગ જિલ્લાને દેશનો પ્રથમ પ્રાકૃતિક જિલ્લો જાહેર કરવામાં આવ્યો. ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી કુદરતી સજીવ ખેતી અને ગોપાલનના આગ્રહી છે અને પોતે પણ ગોપાલન કરે છે. તાજેતરમાં દિલ્હીમાં મળેલી દેશના રાજ્યપાલોની પરિષદમાં પણ તેમણે ડાંગની પ્રાકૃતિક ખેતીની વાત રજૂ કરી હતી.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આહવા ખાતે યોજાયેલા ‘આપણું ડાંગ, પ્રાકૃતિક ડાંગ’ કાર્યક્રમ હેઠળ, ડાંગ જિલ્લાને રાજ્યના સંપૂર્ણ રસાયણમુક્ત ખેતી કરતા પ્રથમ જિલ્લા તરીકેનું બહુમાન પ્રાપ્ત થયું છે. ‘સંપૂર્ણ રસાયણમુક્ત ડાંગ જિલ્લા’ હેઠળ પ્રાકૃતિક ખેતી કરતા કુટુંબો માટે રાજ્ય સરકારે રૂ. ૩૧ કરોડની વિવિધ યોજનાઓ પણ બનાવી છે જેથી ડાંગ પ્રાકૃતિક ખેતીનો એક મોડેલ જિલ્લો બની શકે. આ યોજનામાં ખેડૂત કુટુંબોને ખેત ઉત્પાદનની સંભવિત ઘટ સામે વળતર પેટે રૂ.૧૦ હજાર પ્રતિ હેક્ટર વાર્ષિક સહાય માટે રૂ.૨૦ કરોડની જોગવાઈ, ઉપરાંત ખેડુતોના થર્ડ પાર્ટી ઓર્ગેનિક સર્ટિફિકેશન અને હેન્ડ હોલ્ડીંગ માટે રૂ.૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ યોજના હેઠળ ડાંગ જિલ્લાના ૧૨૫૨૭ ખેડુત કુટુંબોને રૂ.૬.૫૦ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. રાજ્યમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા ૨૨૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

ડાંગ જિલ્લામાં ૧૯,૬૦૦ હેક્ટર જમીનમાં પ્રાકૃતિક ખેતી થાય છે અને જિલ્લાના ૧૨ હજાર જેટલા ખેડૂતો ૫૭ હજાર હેક્ટર જમીનમાં પ્રાકૃતિક ખેતી કરતા થાય તેવા પ્રયાસો રાજ્ય સરકાર દ્વારા થઈ રહ્યા છે. ડાંગનો ૭૭ ટકા વનવિસ્તાર છે. અહીં ૧૨ જાતના ચોખા, ચણા, નાગલી, રાજગરો, અડદ, મગ, મગફળી, ચણા, વટાણા અને તુવેરની ખેતી વધુ પ્રમાણમાં થાય છે. અહીં ૨૨૦૫ પ્રકારના ફૂલો, ૨૬ જાતના વૃક્ષો અને ૪૧૦ જાતની જુદી જુદી વનસ્પતિઓ ઊગે છે. જિલ્લાના કુલ ૧૭૬૬ ચો.કિ.મી. વિસ્તારમાં ૧૩૬૮ ચો.કિ.મી.માં જંગલ છે. આજે રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓ અને હાઇબ્રિડ બિયારણોને કારણે ખેતીનું ખર્ચ વધતું જાય છે એટલું જ નહીં પણ તેના દ્વારા પાકતી કૃષિ પેદાશો ખાવાથી અનેક પ્રકારના રોગ પણ થાય છે ત્યારે હવે દેશના ખેડૂતોને આપણી જૂનીપુરાણી કુદરતી-સજીવ યા પ્રાકૃતિક ખેતી તરફ વાળવાના કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા પ્રયાસો થઈ રહ્યા છે. આવા સમયે દેશનો પ્રથમ પ્રાકૃતિક ખેતીનો જિલ્લો ડાંગ દેશભરમાં આકર્ષણ અને પ્રેરણાનું કેન્દ્ર બનશે.

જૈવિક યા પ્રાકૃતિક ખેતી એ ઝીરો બજેટની ખેતી છે. અહીં ગાય તેમજ અન્ય પશુઓના છાણિયા દેશી ખાતરનો ઉપયોગ થાય છે. દેશી ખાતરમાં દેશી ગાયનું ગૌમૂત્ર, છાણમાં પાણી, ગોળ ને ચણાનો લોટ ઉમેરીને બનાવેલા ખાતરનો ઉપયોગ થાય છે. લીમડાના પાન ને છાશનો પણ ઉપયોગ થાય છે. જમીનને ફળદ્રુપ બનાવતા અળસિયાના ખાતરનો પણ ઉપયોગ થાય છે. કમનસીબે પશુપાલન ઘટતાં ને ટ્રેક્ટરથી ખેતી થતાં છાણિયું ખાતર દુર્લભ બનતું જાય છે. રાસાયણિક ખાતરોના વધુ પડતા ઉપયોગને કારણે અળસિયા જેવા કુદરતી ખાતરના જીવનો પણ નાશ થયો છે ને હવે અળસિયાનું ખાતર બનાવવું પડે છે. કુદરતી ખાતર ખેડ સાથે ને ત્યારબાદ વાવણી પછી જરૂર પ્રમાણે ખેતરમાં નાખવામાં આવે છે. આવા ખાતરથી જમીનની ફળદ્રુપતાને કોઈ આડઅસર થતી નથી ને ઉત્પાદન પણ વધે છે તથા કૃષિ ખર્ચમાં ઘટાડો થાય છે. રસાયણિક ખાતરથી જમીનની ફળદ્રુપતા ઘટતી જાય છે. પ્રાકૃતિક ખેતીથી બે વર્ષમાં જમીન ફળદ્રુપ થઈ જતી હોવાથી પાક ઉત્પાદન વધે છે. પાક રાસાયણિક ખાતર વગરનો હોવાથી તેની બજાર કિંમત વધારે મળે છે.

(Sources & Photo Courtesy : https://cmogujarat.gov.in, https://sandesh.com, www.gujarattourism.com)





# પદમડુંગરી

## રાજ્યનું સૌપ્રથમ 'વોક ઇન ઈનસેક્ટેરિયમ' અને 'નો સિંગલ યુઝ પ્લાસ્ટિક સાઇટ' બન્યું

કોરોનાને કારણે દિવાળી વેકેશનમાં કેટલાય લોકોએ રાજ્યની બહાર જવાને બદલે રાજ્યમાં આવેલી જુદી જુદી ઈકો ટુરિઝમ સાઈટ ખાતે જવાનું પસંદ કર્યું હતું. જેમાં વ્યારા નજીક ઉનાઈ રેન્જમાં આવેલી પદમડુંગરી ખાતે રાજ્યનું પ્રથમ વોક ઈન ઇનસેક્ટેરિયમ બન્યું હોવાનું જાણવા મળ્યું છે. સુરતના વ્યારા પાસે આવેલી ઉનાઈ રેન્જની 'પદમડુંગરી ઈકો ટુરિઝમ સાઈટ' રાજ્યની સૌથી વધુ ટુરિસ્ટ ફૂટફોલ ધરાવતી અને પ્રથમ 'નો સિંગલ યુઝ પ્લાસ્ટિક સાઈટ' બની હોવાનું ગાંધીનગર ફોરેસ્ટ વિભાગ દ્વારા જણાવાયું છે.

પર્યાવરણની રક્ષા માટે કેન્દ્ર સરકાર વારંવાર પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરવા તાકીદ કરે છે. ગુજરાતમાં ૧૨ જેટલી જુદી જુદી ઇકો ટુરિઝમ સાઈટ આવેલી છે જેમાં સુરતમાં વ્યારા ખાતે આવેલી ઉનાઈ રેન્જની પદમડુંગરી ઇકો ટુરિઝમ સાઈટમાં સૌથી મોટી છે. ઉનાઈ રેન્જના રિજિયોનલ ફોરેસ્ટ ઓફિસર રુચિ દવે જણાવે છે, 'ઈકો ટુરિઝમ સાઈટને લોકો એનવાયરમેન્ટ એજ્યુકેશન સાઈટ કરતાં પીકનીક સ્પોટ વધુ માને છે. આ ગેરમાન્યતા અમારે બદલવી છે. ફેબ્રુઆરી ૨૦૨૧માં જ્યારે મને પદમડુંગરી સાઈટનો ચાર્જ સોંપાયો ત્યારે દર અઠવાડિયે ફૂડ રેપર, વોટર બોટલ, પ્લાસ્ટિક બેગ્સ વગેરે મળીને ૫૦થી ૭૫ કિલો પ્લાસ્ટિક એકઠું થતું હતું. જે ખરેખર પ્રકૃતિને ખૂબજ નુકસાનકારક હતું. આથી જ અમે સૌ પ્રથમ પ્લાસ્ટિકની મનાઈ ફરમાવી દીધી. બીજી બાજુ સાચા અર્થમાં ઈકો ટુરિઝમ સાઈટ બનાવવા ફી ધ ટ્રી, ગ્લાસ વોટર બોટલ પ્લાન્ટ અને રાજ્યનું પ્રથમ વોક ઈન ઇનસેક્ટેરિયમ તૈયાર કરવાનું નક્કી કર્યું હતું.'

આર.એફ.ઓ દવે ઉમેરે છે કે, પર્યાવરણને બચાવવા કોઈ ચોક્કસ પ્રજાતિના જીવજંતુ, પ્રાણીઓ, પ્લાન્ટ્સ, વૃક્ષો બચાવવાને બદલે સમગ્ર પર્યાવરણનું ધ્યાન રાખવું જરૂરી છે. આથી અમે પદમડુંગરીમાં રાજ્યનું પ્રથમ 'ઇનસેક્ટેરિયમ' બનાવ્યું છે જ્યાં જુદા જુદા કુલ ૧૩૫ પ્રજાતિના જીવજંતુઓ કુદરતી વાતાવરણમાં ઉછરે છે અને તેને જોઈ શકાય છે. આ રાજ્યનું પ્રથમ વોક-ઈન ઇનસેક્ટેરિયમ આવનારી પેઢીને, બાળકોને જંતુજગતથી માહિતગાર કરે છે. પદમડુંગરીને 'નો સિંગલ યુઝ પ્લાસ્ટિક સાઈટ' જાહેર કર્યા બાદ લોકોને પીવાનું ચોખ્ખું પાણી મળી રહે તે માટે અમે 'ગ્લાસ વોટર બોટલ પ્લાન્ટ' શરૂ કર્યો છે. જેમાં અંબિકા નદીનું પાણી આર.ઓ. પ્લાન્ટથી શુદ્ધ કરીને કાચની બોટલમાં તુલસી જેવા આયુર્વેદિક પ્લાન્ટનો રસ ભેળવીને સસ્તા દરે આપવાનું શરૂ કર્યું છે. મહત્વની વાત એ છે કે, આ તમામ પ્રકારની કામગીરીમાં અમે આસપાસના ગામડાંની વિધવા મહિલા અને ડિસેબલ લોકોને અમારી સાથે ઈકો ટુરિઝમ સાઈટ ઉપર નોકરીમાં રાખ્યા છે. પરિણામે, સ્થાનિક લોકોને પણ રોજગારી મળી છે.

અમે છેલ્લા કેટલાક સમયથી જંગલના જુદાં જુદાં વૃક્ષોનું જતન કરવાના ભાગરૂપે ઉનાઈ રેન્જમાંથી કુલ મળીને ૧૨૦ જેટલા વૃક્ષોના બીજ એકત્રિત કર્યા છે અને તેનું અહીં પ્રદર્શન ગોઠવ્યું છે. જેથી પ્રવાસીઓ ઉપરાંત યુવાવર્ગ, બાળકોને પણ તેની માહિતી મળી શકે. આ સાથે અમે એનવાયરમેન્ટ એજ્યુકેશન માટે સ્કૂલના બાળકોને જુદા જુદા પર્યાવરણવિદ દ્વારા જીવસૃષ્ટિ અને પર્યાવરણ વિશે સમજ આપવાનું શરૂ કર્યું છે. સુરત રેન્જના ડી.એફ.ઓ. આનંદકુમાર કહે છે કે, પર્યાવરણને બચાવવા માટે તમામ લોકોનો સહિયારો પ્રયાસ જ સાર્થક નીવડશે. આથી પદમડુંગરી જેવા જુદાં જુદાં પ્રયોગો થકી વધુને વધુ લોકોને પર્યાવરણની નજીક લાવી શકાશે.

(માહિતી સંદર્ભ : નવગુજરાત સમય, તા. ૨૫.૧૧.૨૦૨૧)

